For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





(તસવીરો : સતીષ જાદવ)

## સુરત મહાનગર પાલિકાની 120 બેઠકો માટે ઉમેદવારી કરવાના અંતિમ દિવસે એક જ દિવસમાં અધધધ... 800 ફોર્મ ભરાયાં

# ભાજપના 120, કોંગ્રેસના 120, આપના 114ની ઉમેદવારી

**આપને** છ ઉમેદવારો ઓછા મળતાં છ બેઠકો પર ઉમેદવારી કરી શકાઈ જ નહીં

**સત્તાવાર** ઉમેદવારોની સામે અપક્ષ અને ડમી ઉમેદવારોને કારણે ઉમેદવારોની સંખ્યા અસાધારણ વધી ગઈ

**સુરત** જિલ્લા પંચાયત માટે પણ 36 બેઠક પર 125 ઉમેદવાર દ્વારા ઉમેદવારી કરવામાં આવી

સુરતઃ સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવાના અંતિમ દિવસે ભાજપના 120, કોંગ્રેસના 120 અને આપના 114 ઉમેદવારો તેમજ તેમના ડમી ઉમેદવારો મળીને 800થી વધુ ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. આપને ...અનુસંધાન પાના 9 પર

### આપને કઈ બેઠક પર ઉમેદવાર મળ્યા નહીં

- વોર્ડ નં.9: જનરલ મહિલા
- વોર્ડ નં.10: જનરલ મહિલા, ઓબીસી મહિલા
- વોર્ડ નં.21: જનરલ મહિલા
- વોર્ડ નં.22: ઓબીસી
- વોર્ડ નં.23: ઓબીસી મહિલા

### મતદારયાદીમાં નામ નહીં નીકળતાં આપની વોર્ડ નં.14ની ઉમેદવારે ફીનાઈલ પી લીધું



સુરતઃ આજે ઉમેદવારી કરવાના દિવસે આપ પાર્ટીમાંથી વોર્ડ નં.14 (માતાવાડી)માંથી ઉમેદવારી કરવા માટે ઉમેદવાર તરીકે ગૌશાલી નરેન્દ્ર ગાંગાણી આવ્યા હતા. જોકે, તેમનું નામ મતદારયાદીમાં જ નહીં નીકળતા તેઓ ઉમેદવારી કરી શક્યા નહોતા. જેને કારણે તેમણે કલેક્ટર કચેરીમાં જ ફીનાઈલ પી લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગૌશાલીએ જણાવ્યું હતું કે, પાર્ટીએ મને મેન્ડેટ આપ્યું છે અને કોઈ જ કચાસ રાખવામાં આવી નથી. ચુંટણી પંચના નિયમ મુજબ ફોર્મ ભરવાના એક દિવસ અગાઉ જ ડેટામાં સુધારા કરી શકાય છે. ...અનુસંધાન પાના 9 પર

### ભાજપમાં સૌથી વધુ 38 પાટીદારને ટિકિટ, મૂળ સુરતી માત્ર 10 જ

**34 ઓબીસી**, 14 મરાઠી, 6 ઉત્તર ભારતીય અને 6 રાજસ્થાનીને ટિકિટ, જ્યારે અનાવિલ 3 અને 3 જૈનને ટિકિટ

સુરત : આ વખતે સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપમાંથી મૂળ સૂરતી, સૌરાષ્ટ્રવાસી, ઉત્તર ગુજરાતના વતનીની સાથે સાથે પરપ્રાંતિયોમાં મરાઠી, ઉત્તર ભારતીય, રાજસ્થાની અને અન્ય રાજ્યોના નાના-મોટા સમાજે ટિકીટો માંગી હતી. જોકે, ભાજપે જાહેર કરેલા ઉમેદવારોમાં સૌથી વધુ ટિકીટ પાટીદારોને આપી છે. 120 ઉમેદવારોમાં 38 તો પાટીદાર જ છે. તેમાં પણ સૌરાષ્ટ્રવાસીઓમાં હાલારી અને ગોલવાડીયા વચ્ચેના ગજગ્રાહમાં આ વખતે સૌથી વધુ ટિકીટ ગોલવાડીયાઓને મળી છે. જ્યારે રાજકોટ, જામનગર અને જુનાગઢના 5 આગેવાનોને ટિકીટ આપવામાં આવી છે. પાટીદારની જેમ જ ભાજપે 34 ઓબીસી, 14 મરાઠી, 6 ઉતરભારતીય અને 6 રાજસ્થાની સમાજને ટિકીટ આપી છે. ઉપરાંત ભાજપના ઉમેદવારોમાં અનાવિલ સમાજમાંથી 3 અને જૈન સમાજના 4ને ટિકીટ આપવામાં આવી છે. જ્યારે મૂળ સુરતી કહી શકાય તેવા 10 ઉમેદવારને ભાજપે મેદાનમાં ઉતાર્યા છે.

## ભાજપ અને આપના કાર્યકરો સામસામે બાખડ્યા

**સામસામે** સૂત્રોચ્ચારો, ભાજપના કાર્યકરોએ આપનો ખેસ પગ નીચે કચડ્યો, પોલીસે માનવસાંકળ બનાવીને બંને જુથને અલગ પાડવા પડ્યાં



સુરતઃ ઉમેદવારી ફોર્મ ભરવાના આજના અંતિમ દિવસે સુરત કલેક્ટર કચેરીમાં ભાજપ અને આપના કાર્યકરો સામેસામે થઈ જતાં બંને પક્ષના કાર્યકરો દ્વારા ઉગ્ર નારેબાજી કરવામાં આવતાં વાતાવરણ ગરમ થઈ ગયું હતું.આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા મનોજ સોરઠીયા ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સાથે નામાંકન ભરવા પહોંચ્યા ત્યારે ભાજપના કાર્યકરો પણ ત્યાં મોટી સંખ્યામાં ત્યાં હાજર હોવાથી બંને પક્ષના સમર્થકો સામસામે આવી ગયા હતા. ગોપાલ ઈટાલિયાની ...અનુસંધાન પાના 9 પર

## ભાજપમાં ભડકો: વોર્ડ નં.21માં એક ઉમેદવાર બદલવા પડ્યા

**અનેક** વોર્ડમાં ભારે નારાજગી, અગ્રવાલ સમાજના વિરોધથી વોર્ડ નં.21માં ઉમેદવાર દીપિકા ધૂતને બદલીને સુમનદેવી ગર્ગને ઉમેદવાર બનાવ્યા

**વોર્ડ** નં.20માં આયાતી ઉમેદવારના મુદ્દે સ્થાનિકોએ વિરોધ પ્રદર્શન કર્યું, વોર્ડ નં.8માં પણ ભૂપેન્દ્ર રાઠોડ સામે કાર્યકરો નારાજ

**અનિલ** ગોપલાણીને ટિકિટ નહીં મળતાં સિંધી સમાજમાં ભારે અસંતોષની સ્થિતિ

સુરત : મહાનગરપાલિકા ચૂંટણી પહેલા ઉમેદવારોની જાહેરાતમાં થયેલા વિલંબ અને પસંદગી પ્રક્રિયામાં ઊભેલા વિવાદોને કારણે ...અનુસંધાન પાના 9 પર

### ઉતર ભારતીય સમાજમાં ચારને ટિકીટ, અમિત રાજપુતને બાદ કરતાં અન્ય ત્રણ મહિલા

ભારતીય જનતા પાર્ટીનાં ખાસ ટેકેદાર ગણાતાં ઉત્તર ભારતીય સમાજને વધુ એક વખત મહાનગર પાલિકાની ચુંટણીમાં ઘરાર અન્યાય કરવામાં આવ્યો હોવાની લાગણી છવાઈ જવા પામી છે. એકમાત્ર અમિત રાજપુતને બાદ કરતાં એક પણ પુરૂષ ઉમેદવાર પર મોવડી મંડળ દ્વારા ભરોસો બતાવવામાં આવ્યો નથી. જ્યારે ત્રણ મહિલા ઉમેદવારોના નામે જાહેર કરવામાં આવતાં કાર્યકરોમાં કચવાટ ...અનુસંધાન પાના 9 પર

### 'જાતિવાદ અને જિલ્લાવાદને વંદન', ભાજપના મંત્રી બિપીન ગાયત્રીનો અસંતોષ

મહાનગર પાલિકાની ચુંટણીમાં ભાજપનાં કમળ ચિહ્ન પર ચુંટાઈ આવવાની વેતરણમાં પડેલા મોટા ભાગનાં નેતા-કાર્યકરોને હતાશા સાંપડી છે. ગોડફાધરથી માંડીને ગાંધીનગર સુધી છેકછેલ્લી ઘડી સુધી દોડધામ કરવા છતાં યાદીમાં નામ ન આવતાં હતાશ થયેલા નેતાઓ-કાર્યકરોનું દુઃખ રાતથી જ સોશિયલ મીડિયા ...અનુસંધાન પાના 9 પર

### વંદના ઘોઘારી પ્રજાપતિ કે પટેલ?, વોર્ડ નં.8માં ઓબીસી મહિલા ઉમેદવાર મુદ્દે ઘમાસાણ

પ્રજાપતિ સમાજનો ગઢ મનાતા કતારગામ ઝોનના વોર્ડ નંબર 8 ડભોલી-સિંગણપોરમાં વર્ષ 2021માં પ્રજાપતિ અને પાટીદાર સમાજના ઉમેદવારો વચ્ચે ખેંચતાણ થતા ભાજપની પેનલ તૂટી હતી. આ વખતે અહીંથી ઓબીસી મહિલા અનામત હોવાથી નરેન્દ્ર પાંડવની ટિકીટ કપાઇ છે. પરંતુ મહિલા ઓબીસીમાં વંદના ઘોઘારીને ...અનુસંધાન પાના 9 પર

### પાંચ અપક્ષ ઉમેદવારો ટોકન લઈને ચા પીવા જતાં રહેતાં ફોર્મ નહીં ભરાયાં

સુરતઃ વોર્ડ નં.9માં બે ઉમેદવાર અને વોર્ડ નંબર 11માંથી 3 ઉમેદવાર અપક્ષમાંથી ફોર્મ ભરવા આવ્યા અને ટોકન લઈ લીધા હતાં. ટોકન લીધા બાદ આ અપક્ષ ઉમેદવારો ચા પીવા માટે જતાં રહ્યા હતા અને જ્યારે પરત આવ્યા ત્યારે ફોર્મ ભરવાનો સમય જતો રહ્યો હતો. રિટર્નિંગ ઓફિસર દ્વારા તેમનો દાવેદારીનો સમય નીકળી ગયાનું કહેતા તેમણે કચેરીમાં માથાકૂટ પણ કરી હતી. પરંતુ ફોર્મ ભરી શક્યા નહોતા. આ ઉમેદવારોએ અંતે પોતે ટેકેદાર લેવા ગયા હતા અને ચા પીવા નીકળ્યા હોવાનું સ્વીકાર્યું હતું.

## ભાજપાના વોર્ડ નં.25નાં મહિલા ઉમેદવાર કવિતા એનગંદુલાનું સાડા ત્રણ વાગે ફોર્મ ભરાયું?

**ચૂંટણી** અધિકારીએ વિડીયોગ્રાફી પણ કરી લીધી અને બાદમાં 'સાહેબ'ના ફોનથી ફોર્મ ભરાયાનો આક્ષેપ

સુરતઃ ફોર્મ ભરવાની માથાકૂટમાં આજે ભાજપના વોર્ડ નંબર 25ના મહિલા ઉમેદવાર કવિતાબેન એનગંદુલા સમય મર્યાદા પૂર્ણ થયા બાદ સાડા ત્રણ વાગ્યે કોઈના ઉપરથી સાહેબનો ફોન આવ્યો છે એમ કહીને અંદર ફોર્મ ભરવા માટે પ્રવેશ્યા હતા. જેનો કોંગ્રેસના કૃણાલ સૂર્યવંશીની સાથે સાથે આપના કાર્યકરો દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. જેને પગલે પોલીસ સાથે પણ ઘર્ષણ થયું હતું. કોંગ્રેસના આગેવાનોએ ચૂંટણી અધિકારીનો સંપર્ક કરતાં અધિકારીઓ એવું આશ્વાસન આપ્યું હતું કે ભાજપના આ ઉમેદવારનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. જોકે, કહે છે કે બાદમાં ફોર્મ સ્વીકારી લેવાયું હતું. કૃણાલ સૂર્યવંશીએ આક્ષેપો કર્યા હતા કે , સમયમર્યાદા પૂરી થઈ જવા છતાં પણ જો ફોર્મ સ્વીકારવામાં આવે તો ચૂંટણી અધિકારી આમાં દોષિત સાબિત થાય છે. કેમ કે સમય મર્યાદા પછી એકવાર વીડિયો રેકોર્ડિંગ કર્યા બાદ પણ ભાજપના ઉમેદવારનું ફોર્મ ચૂંટણી અધિકારી દ્વારા સ્વીકાર કરાયું છે.

### કોંગ્રેસના સાયકલવાલાએ અપક્ષના ઉમેદવારોને અંદર ન જવા દીધા

કોંગ્રેસના અસલમ સાયકલવાલાના પુત્ર સોહેલ અસલમ સાયકલવાલાએ વોર્ડ નં 19 (આંજણા-ડુંભાલ) માંથી કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યું છે. આક્ષેપો કરાયા હતા કે અસલમ સાયકલવાલાએ આ વોર્ડમાં અપક્ષના ચારેય ઉમેદવારોને ફોર્મ ભરવા જવા દીધા નહોતા. જેને કારણે હોબાળો થતાં પોલીસ દોડી હતી અને વચ્ચે પડી હતી. જોકે, આ દોડાદોડીમાં ફોર્મ ભરવાનો સમય પુરો થઈ ગયો હતો. સાયકલવાળાએ આ અંગે જણાવ્યું હતું કે સમય પુરો થઈ ગયા બાદ અપક્ષ ઉમેદવારી કરવા માંગતા હતા.

### કોંગ્રેસના ઉમેદવારોનાં ફોર્મ રદ કરાવવા આપની દોડાદોડી, રદ નહીં કરવા માટે ભાજપે સૂચના આપ્યાની ચર્ચા

એક તરફ આજે ઉમેદવારો દ્વારા ઉમેદવારી કરવામાં આવી રહી હતી તો બીજી તરફ ઉમેદવારોના ફોર્મ રદ કરવા કે પછી ઉમેદવારોના ફોર્મને કોઈપણ સંજોગોમાં રદ નહીં થવા દેવા માટે આપ અને ભાજપ દ્વારા દોડાદોડી કરવામાં આવી હોવાની ચર્ચાઓ ચાલી હતી. સુરત મહાપાલિકા માટે ભાજપના 120, કોંગ્રેસના 120 અને આપના 114 ઉમેદવારોએ ઉમેદવારી કરી છે ત્યારે જો ચૂંટણી જંગ ત્રિપાંખીયો થાય તો જ ભાજપને ફાયદો થાય. સીધી લડાઈમાં ભાજપે બેઠકો ગુમાવવી પડે તેમ છે. બીજી તરફ કોંગ્રેસ ચૂંટણી જંગમાં હોય તો આપને મોટી મુશ્કેલી થાય તેમ છે. આ કારણે એવી ચર્ચાઓ ચાલી હતી કે તાજેતરમાં કોંગ્રેસમાંથી આપમાં આવેલા આગેવાનો પોતાના સંપર્કોનો ઉપયોગ કરીને કોંગ્રેસના 20 જેટલા ઉમેદવારોના ફોર્મ રદ થાય તેવી પ્રયાસો કરી રહ્યા છે. બીજી તરફ ભાજપના આગેવાનો દ્વારા તમામ ચૂંટણી અધિકારીઓને સૂચના આપી દેવામાં આવી છે કે એકપણ કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થવું જોઈએ નહીં. આ ઘમાસાણમાં હવે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે કે કોના ફોર્મ રદ થયા છે અને કેટલા મેદાનમાં રહ્યા છે.

## AAPના પ્રવક્તા કાળુ વઘાસિયા સામે રેપની FIR

**પત્નીને** તલાક આપી લગ્ન કરીશ કહી આપ નેતાએ ખેલ ખેલ્યો

### 'તુષાર ઘેલાણી' જેવો કાંડ કરવાની ધમકીથી મહિલા ડરી ગઇ હતી

જ્યારે મહિલાએ પોલીસ ફરિયાદની ચીમકી આપી, ત્યારે આરોપીએ તેને ડરાવવા માટે સુરતના ચકચારી બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યા કેસનો ઉલ્લેખ કર્યો હતો. કાળુએ ધમકી આપી હતી કે, 'જો તું પોલીસમાં જશે તો હું પણ તુષાર ઘેલાણીની જેમ મરી જઈશ અને મરતા પહેલા તને અને તારા દીકરાને જીવવું અઘરું કરી દઈશ.' આ ધમકીથી હેબતાઈ ગયેલી મહિલાએ અંતે હિંમત ભેગી કરી લસકાણા પોલીસમાં આપવીતી સંભળાવી હતી.

સુરત : આમ આદમી પાર્ટીના પ્રવક્તા કાળુ વઘાસિયા વિરુદ્ધ દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ નોંધાઈ છે. લસકાણા વિસ્તારમાં રહેતી એક પરિણીતાને લગ્નનો વાયદો કરી, ફેસબુકના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી અનેકવાર શરીર સંબંધ બાંધ્યા હોવાનું બહાર આવ્યું છે. એટલું જ નહીં, જ્યારે મહિલાએ લગ્ન માટે દબાણ કર્યું ત્યારે બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યા કેસનો હવાલો આપી પીડિતાને અને તેના પુત્રને જીવવું હરામ કરી દેવાની ધમકી આપતા અંતે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

લસકાણાના શુભમ રો-હાઉસમાં રહેતા અને AAPના પ્રવક્તા તરીકે ઓળખાતા કાળુભાઈ ચતુરભાઈ વઘાસિયાએ ડિસેમ્બર-૨૦૨૪માં ફેસબુક દ્વારા પીડિત મહિલાનો સંપર્ક કર્યો હતો. રાજકીય વગ અને મીઠી વાતોમાં માહિર કાળુએ મહિલાને એવું કહીને વિશ્વાસમાં લીધી હતી કે, 'તેને તેની પત્ની સાથે બનતું નથી અને પત્ની પિયરમાં રહે છે.' ટૂંક સમયમાં છૂટાછેડા આપી તારી સાથે લગ્ન કરીશ તેવા વાયદાઓ કરીને કાળુએ પીડિતાને પોતાની પ્રેમજાળમાં ...અનુસંધાન પાના 9 પર

સેલ 55% ડિસ્કાઉન્ટ
ગ્રેનામાઈટ ટાઈલ્સ
Size: 8x4 ft, 6x4 ft, 4x4 ft
(ગોડાઉન ખાલી કરવાનું હોવાથી)
કોન્ટેક્ટ - 98980 76797

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. ધર્મિષ્ઠા કિરણભાઈ પટેલ
સ્વ. તા. ૧૨-૦૪-૨૦૨૧
મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવું, એ જીંદગીમાં કરેલ સારા કર્મોની વાત છે, ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થનાં..
લિ. શોકાતુર
કિરણ મનસુખભાઈ પટેલ, જીનલ કિરણભાઈ પટેલ, નંદીની કિરણભાઈ પટેલ, પ્રજ્ઞા ગૌરાંગભાઈ પટેલ, રાજ/ત્રાતવી
મનસુખભાઈ લાલભાઈ પટેલ, જશુબેન મનસુખભાઈ પટેલ, અનિલ મનસુખભાઈ પટેલ, નિમિષા અનિલભાઈ પટેલ, ચેશા/જય
૮, સ્વીટ ૐ સોસાયટી, આનંદ મહલ, સુરત.

હાર્દિક શ્રધ્ધાંજલિ


સ્વ. છગનભાઈ હીરાભાઈ પટેલ
સ્વ. તા. ૧૦-૦૩-૨૦૧૨
આપની વિદાયથી જીવનમાં જે શૂન્યાવકાશ સર્જાયો છે તે કદી પૂરી શકાશે નહીં. આપનો સ્નેહાળ ચહેરો અને મીઠી વાણી હંમેશા અમારી સ્મૃતિમાં જીવંત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. ૐ શાંતિ...

સ્વ.શાંતિબેન છગનભાઈ પટેલ
સ્વ. તા. ૧૨-૦૪-૨૦૨૧
લિ.
સ્વ. હસમુખભાઈ છગનભાઈ પટેલ, બિપીનભાઈ છગનભાઈ પટેલ, ઉમેશભાઈ છગનભાઈ પટેલ
વિહંગ હસમુખભાઈ પટેલ, ઉર્વિક, જય, પાવન તથા સમસ્ત કાબુલ પટેલ પરિવાર
સ્થળ : પટેલ સ્ટ્રીટ, રૂંઢ મગદલ્લા, સુરત. (સીટી)

॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥
૫મી પૂણ્યતિથિ

સ્વ.ધનસુખભાઈ સોમાભાઈ આહિર
સ્વ.તા.૧૨/૦૪/૨૦૨૧
ફાગણ વદ અમાસ ને સોમવાર
૧૨મી પૂણ્યતિથિ

સ્વ.શાંતીબેન ધનસુખભાઈ આહિર
સ્વ.તા.૨૩/૦૫/૨૦૧૪
વૈશાખ વદ દસમ ને શુક્રવાર
સ્નેહની હૂંફ ગઈ, સ્મૃતિ માત્ર રહી ગઈ, નજર સામે હતા તમે, હવે તસ્વીર માત્ર રહી ગઈ, આપનું વાત્સલ્ય, આપનો સ્નેહ, આપનું સ્મિત અમારા જીવનનું સંભારણું બનીને રહી ગઈ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.
લિ.
હરિશભાઈ ધનસુખભાઈ આહિર (પુત્ર) ઉષાબેન હરિશભાઈ આહિર (પુત્રવધુ)
રાજેષભાઈ ધનસુખભાઈ આહિર (પુત્ર) મનિષાબેન રાજેષભાઈ આહિર (પુત્રવધુ)
નયનાબેન દિલીપભાઈ આહિર (પુત્રી) દિલીપભાઈ રમેશભાઈ આહિર (જમાઈ) કામરેજ
શિવાની, મિસા, નિધી, અવિ, કેવિન તથા સમસ્ત પરિવાર
ગામ : ભરથાણા (વેસુ)

૭મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ


સ્વ. બિપીનભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૪/૨૦૧૯
જન્મ પછી જો કંઈ નિશ્ચિત હોય તો તે છે મૃત્યુ, સુર્ય પણ રોજ ઊગે છે અને રોજ આથમે છે, પણ આપની હયાતી અમારી પ્રેરણા હતી, આદરણીય ભાવના, પરોપકારા વૃતિ, તમારા વાત્સલ્યની સુવાસ કયારેય ભુલાશે નહિ, દેહથી ભલે દુર થયા પણ આત્માથી હંમેશા અમારી સમીપ છો, આપના દિવ્ય અને પવિત્ર આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી નમ્ર પ્રાર્થના સાથે હાર્દિક શ્રધ્ધાંજલિ.
લિ. સ્વ. નૂતનબેન બિપીનભાઈ પટેલ
નિરલ બિપીનભાઈ પટેલ | રોશન બિપીનભાઈ પટેલ
સેતલ નિરલભાઈ પટેલ | જૈમિની રોશનભાઈ પટેલ
અહાન નિરલભાઈ પટેલ(CHAMP)
નિવાસ સ્થાન : ડી-૧૭, બાલાજી નગર સોસાયટી, રાધાકૃષ્ણ મંદિર પાસે, પીપલોદ, સુરત.